<u>જી.એસ.ટી. માં જુના કાયદામાં બાકી રહેતી ક્રેડીટ તથા જુના સ્ટોકની ક્રેડીટ ની સમજણ:</u>

જી.એસ.ટી.માં જુના કાયદામાં બાકી રહેતી ક્રેડીટ તથા જુના સ્ટોકપર મળવાપાત્ર થતી ક્રેડીટ લેવા માટેનુ ફોર્મ ટ્રાન-૧ આવી ગયું છે, જેની સમય મર્યાદા ૯૦ દિવસ એટલે કે ૨૮-૦૯-૨૦૧૭ સુધીની છે. તેમાં કાયદા પ્રમાણે કઈ કઈ ક્રેડીટ કેવી રીતે લઇ શકાય તેનું સરળ ભાષા માં સમજ આપવાનો પ્રયાસ અહીં કરવામા આવેલ છે. આ જોગવાઈ દ્વારા વેપારીને એક પ્રકારનો ફાયદો આપવામા આવેલો છે, દરેક વેપારીએ તેનો લાભ લેવો જોઈએ.

જી.એસ.ટી. આવ્યું તે પહેલા વેટ, એક્સસાઈઝ, સેર્વીસ ટેક્ષ – જેવા અલગ-અલગ કાયદા હતા. હવે આ બધા કાયદા ભેગા મળીને એક જી.એસ.ટી. બન્યું છે. જેથી જી.એસ.ટી.નો રેટ પણ ઉચો આવે એ સ્વાભાવિક છે. પરંતુ જે વેપારીઓની ખરીદી ૦૧-૦૭-૨૦૧૭ પહેલાની હોય જેમાં વેટ અને એક્સસાઈઝ લાગેલા હોય અને તેમાની એક્સસાઈઝ ની ક્રેડીટ લઇ શકેલના હોય, તો પણ જયારે તે ૦૧-૦૭-૨૦૧૭ પછી જુનો સ્ટોક વેચશે ત્યારે જી.એસ.ટી. ના ઉચા રેટથી વેચાણ કરવું પડશે. તો શું ગ્રાહકને ઉચી કિંમત ચૂકવવી પડશે? અથવાતો શું વેપારીને ટેક્ષની રકમનુ નુકશાન જશે?

આવું ના બને તે માટે જી.એસ.ટી.ના કાયદા મા બે જાત ની ક્રેડીટ લઇ શકાય તેવી જોગવાઈ છે.

૧. વેટ ની ક્રેડીટ
૨. એક્સસાઈઝ ની ક્રેડીટ

Compiled By CA. Deep Koradia

નીચેના ટેબલ પરથી કઈ ક્રેડીટ કેવી રીતે મળવાપાત્ર છે તે સમજી શકાશે.

| પરિસ્થિતિ | વેટ ની ક્રેડીટ કઈ રીતે મળશે | એક્સસાઈઝ ની ક્રેડીટ કઈ રીતે મળશે |
|---|---|---|
| તમારો ધંધો વેટ તથા એક્સસાઈઝ **બન્નેમા** નોધાયેલો હતો. | વેટ ના રીટર્નમા બાકી રહેતી ક્રેડીટ લઇ શકાશે# | એક્સસાઈઝ ના રીટર્નમા બાકી રહેતી ક્રેડીટ લઇ શકાશે# |
| તમારો ધંધો વેટમા નોધાયેલ હતો પરંતુ એક્સસાઈઝમા નોંધાયેલ નહોતો | વેટ ના રીટર્નમા બાકી રહેતી ક્રેડીટ લઇ શકાશે# | ૩૦-૦૬-૨૦૧૭ ના સ્ટોક પર એક્સસાઈઝ ની ક્રેડીટ લઇ શકાશે* |
| તમારો ધંધો વેટ તથા એક્સસાઈઝ કોઈમા પણ નોધાયેલ **નહોતો.** | ૩૦-૦૬-૨૦૧૭ ના સ્ટોક પર વેટ ની ક્રેડીટ લઇ શકાશે*$ | ૩૦-૦૬-૨૦૧૭ ના સ્ટોક પર એક્સસાઈઝ ની ક્રેડીટ લઇ શકાશે* |

# આવી ક્રેડીટ લેવા માટે જુના કાયદાના છેલ્લા ૬ માસનાં રીટર્ન ભરાયેલા હોવા જરુરી છે. જો C Form સામે વેચાણ કરેલું હોય તો ૦૧-૦૪-૨૦૧૫ થી ૩૦-૦૬-૨૦૧૭ સુધીના C ફોર્મ રજુ કરવાના રહેશે.

* આવા સ્ટોક પરની ક્રેડીટ બે રીતે લઇ શકાય છે તથા તેની માટે અમુક શરતો રહેલી છે.

*<u>વિકલ્પ-૧ :</u> ૩૦-૦૬-૨૦૧૭ ના રહેલા સ્ટોક માટે, જો તમારી પાસે એક્સસાઈઝ/વેટ દર્શાવતુ બીલ હોય, તો તે એક્સસાઈઝ/વેટ દર્શાવેલી રકમ "શરૂઆતની જમા બાકી" (Opening Credit Balance) તરીકે ટ્રાન-૧ ફોર્મમા લઇ શકાશે. આ વિકલ્પ પસંદ કરો ત્યારે સ્ટોક એક વર્ષથી જુનો ન હોવો જોઈએ.

*<u>વિકલ્પ-૨ :</u> ૩૦-૦૬-૨૦૧૭ ના રહેલા સ્ટોક માટે, જો તમારી પાસે એક્સસાઈઝ/વેટ દર્શાવતુ બીલ ન હોય, તો તે સ્ટોક ને સૌ-પ્રથમ ટ્રાન-૧ માં દર્શાવવાનું રહેશે. તેની ક્રેડીટ જયારે તે સ્ટોક વેચાશે ત્યારે મળવાપાત્ર રહેશે. જયારે સ્ટોક વેચાય ત્યારે ટ્રાન-૨ ફોર્મમા માહિતી આપવાની રહેશે. આ ટ્રાન-૨ ફોર્મ દરેક મહિનાના અંતે ભરવાનું રહેશે. આ પ્રકારનો સ્ટોક પરની ક્રેડીટનો લાભ ૬ મહિના સુધીજ મળશે. બીજા અર્થમા ટ્રાન-૨ ૬ મહિના સુધી દરેક મહિનામાટે ભરવાનું રહેશે અને તેના આધારે આ ક્રેડીટ મળશે. આ ક્રેડીટ ની ગણતરી આ મુજબ રહેશે.
- જો તમારી વસ્તુ પર ૧૮% કે તેથી વધુ જી.એસ.ટી. લાગતો હોય તો, વસ્તુની વેચાણ કિંમત પર લગાડેલ ટેક્ષ ની અડધી રકમ ના ૬૦% મળવાપાત્ર છે.
- જો તમારી વસ્તુ પર ૧૨% કે તેથી ઓછો જી.એસ.ટી. લાગતો હોય તો, વસ્તુની વેચાણ કિંમત પર લગાડેલ ટેક્ષ ની અડધી રકમ ના ૪૦% મળવાપાત્ર છે.
- જો સ્ટોક ૬ મહીનામા ન વેચાય તો પછી આ પ્રકારની ક્રેડીટ મળવાપાત્ર નથી.
- જો તમારી વસ્તુ જુના કાયદામા સંપૂર્ણપાણે એક્ષમ્પ્ટ (Unconditionally Exempt) હોયતો આ વિકલ્પ મુજબ લાભ મળવાપાત્ર નથી.
- આ વિકલ્પ પસંદ કરો ત્યારે સ્ટોક એક વર્ષથી જુનો ન હોવો જોઈએ.

Compiled By CA. Deep Koradia

$ ૩૦-૦૬-૨૦૧૭ પરના સ્ટોકપરના વેટ ની ક્રેડીટ ત્યારેજ મળવાપાત્ર છે જયારે તેનાપર MRP સ્કીમ હેઠળ વેટ લાગેલ હોય.

આ રીતે, જી.એસ.ટી. કર માળખા મુજબ, ઉપર જણાવેલ માહિતીને ધ્યાનમા રાખીને જૂની ક્રેડીટનો ઉપયોગ થઇ શકે છે.